વરસાદી પાણીની લાઈનનુ ખોદકામ હજુ પણ સેકટરોમાં પુરાયુ નથી

સેકટરના આંતરિક માર્ગો વચાળે જ ખાડા ટેકરા : માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ નિવારવા સ્થાનિકોની માંગ

ગાંધીનગર તા ૨૬

શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ ખોદકામ હાથ ધરાયા બાદ ત્રણ મહીનાના અંતે પણ માર્ગોની હાલતમાં કોઈ સુધાર આવ્યો નથી વરસાદી પાણીના નિકાલની લાઈન માટે આસપાસ ખોદકામ કરવાની સાથે કેટલાક ઠેકાણે માર્ગ વચાળે પણ ગાબડા પાડવામાં આવ્યા હતા જયારે આ ગાબડા પુરવા માટે માટીનાઅને મેટલના ઢગ ખડકી દેવાયા છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર ઘણાં ઠેકાણે ખાડા ટેકરાની સ્થિતિ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગ સલામતીને ધ્યાને લઈ ત્વરિત માર્ગો પર ગાબડા દુર કરવા માટે માંગ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન અન્વયે તંત્રએ છેલ્લા ત્રણ મહીનાથી ખોદકામ કર્યુ છે. વરસાદી દિવસો દરમિયાન આ ખોદકામના લીધે ડગલે ને પગલે જોખમી સ્થિતિ સર્જાઈ હતી જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ નાગરિકો અકસ્માતનો ભોગ બન્યા હતા. વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાની કામગીરી પણ મંદ ગતિએ ચાલતી હોવાથી સેકટરવાસીઓ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અગાઉ પણ તોતિંગ ભુંગળા પણ માર્ગ વચાળે મુકીને ખોદકામના અંતે માટીના ઢગ પણ કરી દેવાયા હતા જયારે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતી હોવાથી વરસાદી દિવસોમાં નાગરિકો અકસ્માતનો ભોગ બન્યા હતા. પરંતુ હાલની સ્થિતિએ પણ આડેધડ ખોદકામના ખાડા ન પુરાતા રહીશોએ હાલાકી વેઠવી પડે છે. સેકટરોમાં માર્ગની એકબાજુએ ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ થયુ નથી જેના લીધે હજુ પણ કેટલાક ઠેકાણે ગાબડા જોવા મળી રહ્યા છે. બીજીતરફ માર્ગ વચાળે પણ કેટલાક ઠેકાણે ખોદકામ થયુ હોવાથી રાહદારીઓ માટે ઉબડ ખાબડ માર્ગોના લીધે અકસ્માતનો ખતરો અનુભવી રહ્યા છે. લાંબા સમયના અંતે પણ સેકટરોમાં માર્ગો પર પડેલા ખાડા ટેકરાની સ્થિતિ યથાવત છે. જેના લીધે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તાયો છે. સેકટરવાસીઓ દુવિધાઓથી ત્રાહીમામ છે. સેકટરોના આંતરિક માર્ગો પર ખાડા ટેકરા દુર કરી માર્ગને સમથળ કરવા માટે પણ ત્વરિત કામગીરી હાથ ધરવાની માંગ ઉઠવા પામી છે.

રૂપાલમાં પલ્લીની પરંપરા જળવાઈ

આખરી મિનીટ સુધી મંજુરી ન મળતા ભાવિકોએ પ્રતિકાત્મક પલ્લી નિકાળી : માત્ર ૩૮ મિનીટમાં જ પલ્લીરથ નિયત રૂટમાં ફરી વરદાયિની માતાના મંદિરે પરત : ભાવિકોએ સોશિયલ મીડીયાના માધ્યમથી દર્શન કર્યા

ગાંધીનગર તા ૨૬

નવલી નવરાતના અંતે રૂપાલ ગામમાં પાંડવોના કાળથી નિકળતી વરદાયિની માતાની દિવ્ય પલ્લીની પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહી હતી. આખરી મિનીટ સુધી વહીવટી તંત્રએ પલ્લીના આયોજન સંદર્ભે મંજુરી ન અપાતા ભાવિકોએ પ્રતિકાત્મક પલ્લીનુ આયોજન કર્યુ હતુ. પલ્લી રથની પરંપરા યથાવત રહી હતી. માત્ર ૩૮ મિનિટમાં ગામના નિયત રૂટ પર ફરીને પલ્લીરથ વરદાયિની માતાના મંદિરે પરત ફર્યો હતો. સોશિયલ મીડીયાના માધ્યમથી ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

કોરોનાના વધતા સંક્રમણ વચ્ચ ભાવિકોની આસ્થનાના કેન્દ્ર સમાન રૂપાલના પલ્લી મહોત્સવના આયોજન અંગે અસમંજસની સ્થિતિ હતી જયારે વહીવટી તંત્ર અને પોલીસના અધિકારીઓએ અગાઉ રૂપાલ ગામની મુલાકાત પણ લીધી હતી જયારે છેલ્લી મિનીટ સુધી પલ્લી નિકળવાના મામલે કોઈ લેખિત મંજુરી પણ મળી ન હતી. જયારે બીજીતરફ ગામના આગેવાનો અને ભક્તોએ પરંપરાગત પલ્લી નિકળે તેવી અડગ શ્રધ્ધા પણ પ્રબળ બની હતી. જયારે મંજુરીની વાટે ઉભેલા ભાવિકોએ આખરી પલ્લી નિકાળવાનુ પણ મનોમન નક્કી કરી લીધુ હતુ. જયારે પલ્લીના આયોજનને અનુલક્ષી જરૂરી તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી. જયારે ગામમાં ભીડ ભેગી ન થાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા બે દિવસનુ લોકડાઉન પણ જાહેર કરી દેવાયુ હતુ. નોમના દિવસે ગામમાં પ્રવેશતા તમામ માર્ગો બંધ કરી દેવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

કમ્પાઉન્ડ વોલના નિર્માણમાં સલામતીની ઉણપ

સેકટરો ફરતે કમ્પાઉન્ડ વોલ ઉંચી અને ઉપર કાંટાની જાળીવાળી ફેન્સીંગ લાગે તે અનિવાર્ય : લાઇટ, ચકરડી તેમજ સી સી કેમેરા પણ લાગવવા જોઇએ નહીંતર અસામાજિક તત્વો માટે દિવાલ આર્શીવાદરૂપ બનશે

ગાંધીનગર તા ૨૬

સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં અનેકવિધ નવા કામો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ આ કામો પણ સ્માર્ટ અંદાજમાં થાય તે અનિવાર્ય છે. સેકટરોમાં હાલ કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ થઈ રહ્યુ છે. ત્યારે દાયકાઓ જુની પેટર્ન પર માત્ર દિવાલ ઉભી કરી દેવામાં આવે છે. દિવાલની ઉંચાઈ પણ પુરતી નથી જયારે દિવાલને અનુલક્ષીને લાઈટ તેમજ સી સી કેમેરા પણ મુકવાનુ આયોજન કરાયુ નથી જેના લીધે સેકટરને માત્ર કિલ્લેબંધી કરતી આ દિવાલ સલામતીના દ્રષ્ટીકોણથી અસરકારક પુરવાર થાય તેમ નથી તેવો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ત્યારે શહેરને સ્માર્ટ બનાવવા માટે યોજના બનાવતા અફસરોએ સેકટરોની કમ્પાઉન્ડ વોલને અનુલક્ષી સલામતીના પરિબળો તરફ ધ્યાન કેન્દ્રિત કરી જરૂરી સુધાર કરવો પણ અનિવાર્ય હોવાનો સુર સેકટરવાસીઓમાં ઉઠવા પામ્યો છે.

સ્માર્ટ સીટી અન્વયે શહેરના સેકટરામાં હાલ કમ્પાઉન્ડ વોલ બનાવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ સેકટરોને કિલ્લાબંધી કરતી આ કમ્પાઉન્ડ વોલના નિર્માણના અંતે સલામતીના નામે મીંડુ

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ દિવસે ૨૬ ક્વીન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ છે. પ્રથમ દિવસે જ ૮૯૫ બોરી મગફળીનું વેચાણ ટેકાના ભાવે થયુ છે.

જિલ્લામાં માર્કેટયાર્ડોમાં પણ મગફળીના ખુલ્લા બજારમાં ભાવ સારા મળી રહ્યા છે. જોકે ખેડૂતો ત્યાં ખુલ્લા બજારમાં વેચાણમાં વધુ રસ ધરાવતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં આ વખતે મગફળીનું ઉત્પાદન પણ વિક્રમી થવાના અંદાજો છે.

● અનુસંધાન પાન-૭ પર

ભારતનું પ્રથમ સી-પ્લેન કેવડિયા ખાતે પહોંચી ગયું

મોદી કેવડિયા ખાતેથી સી પ્લેનનું ઉદ્‌ઘાટન કરાવશે
માલદિવ્સથી સી પ્લેન કેવડિયા અને અમદાવાદ પહોંચ્યું

અમદાવાદ,તા.૨૬

ભારતનું સૌપ્રથમ સી પ્લેન અમદાવાદનાં સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયાના સ્ટેચ્યૂ ઓફ યુનિટી વચ્ચે શરૂ થવા જઈ રહ્યું છે. ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ છે. તે દિવસને એકતા દિવસ તરીકે પણ ઉજવાય છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવડિયા ખાતેથી સી પ્લેનનું ઉદ્‌ઘાટન કરાવશે. પીએમ મોદી સી પ્લેન દ્વારા અમદાવાદથી કેવડિયા પહોંચશે. આ માટે સી પ્લેને રવિવારે સવારે માલ્દિવ્સના મેલ ખાતેથી ટેક્ ઓફ કર્યું હતું. આ પછી સી પ્લેન રવિવારે બપોરે કોચીના વેન્ડુરથી ખાતે પહોંચ્યું હતું. જ્યાં ઈંધણ પુરાવ્યા બાદ સી પ્લેન સાંજના ગોવા પહોંચ્યું હતું. આજે તે ગોવાથી કેવડિયા પહોંચ્યું છે. જે બાદ તે અમદાવાદ આવશે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૧૫ કેસ : ૧૮ને ડિસ્ચાર્જ

શહેરમાં આજે ૬ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં : શહેરમાં આજે સે. ૨૬ માંથી ૩, સે. ૨૩ માંથી ૨, સે. ૪ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૬, ૧૯, ૩, ૧૨, બોરીજ, જીઈબી અને ધોળાકુવામાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી આજે ૬ મહિલા દર્દી સહિત ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૭૮૧ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. સે. ૨૬ અને સે. ૪ એ કોરોના માટે અતિ સંવેદનશીલ વિસ્તાર બની ઉભરી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી ૩, સે. ૨૩ માંથી ૨, સે. ૪ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૬, ૧૯, ૩, ૧૨, બોરીજ, જીઈબી અને ધોળાકુવામાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં જરૂર વધારો કર્યો છે. આજે ૬ મહિલા દર્દીઓ મળી હોવાથી પણ ચિંતા વધી છે. આજે જીઈબીમાંથી એક સાત વર્ષના બાળકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે ૧૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

સે. ૧૬ માં રહેતા ડે. એસ.ઓ. તરીકે ફરજો બજાવતા ૨૯ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨ માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામીણ વિસ્તારમાં ૭ મહિલા સહિત ૧૧ દર્દી નોંધાયા

ગાંધીનગરમાં ૭, માણસા-કલોલમાં ૨-૨ કેસ : ૧૧ને ડિસ્ચાર્જ અપાયુ : ૨૨૭૦ લોકો કોરોનામુક્ત થયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણા સમય પછી કેસોની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાતા કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહ્યો છે આજે માત્ર ૧૧ જ કેસ મળી આવતાં તંત્રએ પણ રાહત અનુભવી છે.

ગાંધીનગરમાંથી ૭, કલોલ અને માણસામાંથી આજે બે-બે કેસ મળી આવ્યા છે. જોકે આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી મળ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે પણ નોંધાયેલા ૧૧ કેસમાંથી ૮ દર્દીઓએ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે આથી જિલ્લાતંત્રને કામગીરીનું ભારણ વધ્યુ છે.

જિલ્લામાં મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે તેને લઈ પણ તંત્ર ચિંતીત છે.

ગાંધીનગરના દોલારાણા વાસણા ગામેથી ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મોતીપુરા ગામેથી ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડા ગામેથી ૩૬ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રૂપાલ ગામેથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાંદેસણ ગામેથી ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી બે કેસ મળી આવ્યા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. ૪૭ વર્ષીય મહિલા અને ૨૭ વર્ષીય મહિલાનો

● અનુસંધાન પાન-૭ પર

ઈન્ટિગ્રેટેડ રેવેન્યુ ઈનસ્પેક્શન સિસ્ટમ ઓનલાઈન કરાઈ

જમીનોના ૮ કરોડ જેટલા હસ્તલિખિત ૭/૧૨ અને હસ્ત લિખિત નોંધોને સ્કેન કરીને ઓનલાઇન ઉપલબ્ધ કરાવ્યાં

ગાંધીનગર,તા.૨૬

તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિર્ઘ દ્રષ્ટિ અને સમયબધ્ધ આયોજનના પરીણામે આજે ગુજરાત દેશનું રોલ મોડલ બની રહ્યું છે તેમ મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું હતું. રાજયના સુગ્રથિત વિકાસ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા મહેસૂલી પ્રક્રિયાને વધુ વેગવાન બનાવવાનો નિર્ધાર કરાયો છે. જેના પરીણામે અનેકવિધ મહેસૂલી સુધારા રાજ્ય સરકારે કર્યા છે જેના ખુબ જ સારા પરીણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. રાજયના મહેસૂલી વહીવટને કમ્પ્યુટરાઈઝડ, સલામત, સુરક્ષિત, સુદૃઢ અને ઝડપી બનાવવાના પગલાંરૂપે હસ્તલિખિત મહેસૂલી રેકર્ડ જાન્યુઆરી-૨૦૦૪થી ડિજીટાઈઝ કરી ઓનલાઈન કરવામાં આવેલ છે. રાજયની તમામ જમીનોના ૮ કરોડ જેટલા હસ્તલિખિત ૭/૧૨ અને હસ્તલિખિત નોંધોને સ્કેન કરીને ઓનલાઈન ઉપલબ્ધ કરાવ્યાં છે. મહેસૂલી કોર્ટ કેસ, હક્કપત્રકની નોંધો અને વિવિધ પરવાનગીની અરજી તથા પ્રક્રિયા ઓનલાઈન કરવામાં ગુજરાત રાજય ભારતભરમાં મોખરે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
• હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
• સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
• હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com